# <u>ગારીયાધારના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ.ગારીયાધાર</u>

सत्यमेव जयते

| | |
|---|---|
| ફોજદારી કેસ નંબર | **૪૯૨/૨૦૨૫** |
| આંક | **૧૫** |

| | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| **વિરૂધ્ધ** | |
| **ભાનુબેન નાથાભાઈ પરમાર,**<br>**ઉ.વ.૩૫, જાતે–દેવીપુજક, રહે.નવાગામ ભાડીયા પાછળ,તા.ગારીયાધાર,જી.ભાવનગર** | આરોપી |

**તહોમત :– <u>પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ,એ) મુજબ</u>**

**<u>–: ઠરાવ :–</u>**

આરોપીની પોલીસ તપાસના કાગળો આપ્યા બાદ ગુના સંબંધે પ્લી રેકર્ડ કરતાં તેમણે સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલ છે. આ સંજોગોમાં તહોમતદારોને સજા થાય તો કુટુંબ ભુખે મરે તેમ જણાય છે અને તહોમતદાર જેલમાં જાય તો રીઢો ગુનેગાર થાય તેવી શકયતા જણાય છે. જેથી અદાલત સમક્ષની આરોપીની પસ્તાવો વ્યકત કરતી કબુલાત પુરસીસ **<u>આંક– ૧૪</u>** થી ધ્યાને લઈ, તેની કબુલાત સ્વૈચ્છીક જણાતા તેનો સ્વીકાર કરી <u>નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત</u>નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવી વ્યાજબી માની નીચેનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી **ભાનુબેન નાથાભાઈ પરમાર, ઉ.વ.૩૫, જાતે–દેવીપુજક, રહે.નવાગામ ભાડીયા પાછળ,તા.ગારીયાધાર,જી.ભાવનગર** નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ (૨)અન્વયે, ગુજરાત પ્રોહીબીશન ગુનાની કલમ : ૬૫ (એએ) મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/–(અંકે રૂપીયા બસ્સો પુરા)** દંડની સજા તથા ઠપકો આપવામાં આવે છે. દંડ ભરવામાં કસુર થયે દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવી.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં તારીખ–૧૧મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગારીયાધાર
Code No.GJ01448

*N.H.Katariya, PA*